ખેડૂતોની વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ રાખીને શેરડીના ભાવ જાહેર કરવા કોંગ્રેસની રજઆત

અમદાવાદ, તા.૧૯

સમગ્ર સુરત જિલ્લામાં અને દક્ષિણ ગુજરાતની સહકારી સુગર મિલો દ્વારા શેરડીના પિલાણ સિઝન વર્ષ 2023-24ના ભાવ બહાર પાડતા પહેલા તમામ સુગર ફેક્ટરીના સંચાલકો ખેડૂતોની વર્તમાન સ્થિતિ ઉપર અભ્યાસ કરે તેવી માંગ કોંગ્રેસે કરી છે.

કાપણી ખર્ચ પ્રતિ ટનની મજૂરી 396 રૂપિયા, મુકદમ કમિશન 80 રૂપિયા 220 રૂપિયા વાહન ભાડુ મળી કુલ 696 જેટલો ખર્ચ થાય છે.અને ફેક્ટરી સાઈડ 704 જેટલો મળી કુલ 1400 રૂપિયા પ્રતિટને અંદાજિત થવાના આંકડા પ્રાપ્ત થયા છે.

હાલમાં સમગ્ર દ.ગુજરાતના શેરડી પકવતા ખેડૂતોને પ્રતિ ટને ૪૫૦૦ રૂપિયાથી ઓછા ભાવ પરવડે તેમ નથી. આમ ખેતી ખર્ચ દવા, ખાતર, બિયારણ, મજૂરી, ડિઝલ, તેમજ વધતી જતી મોંઘવારી જેવા મુદ્દાને ધ્યાનમાં રાખીને સહકારી સુગર ફેક્ટરીના બોર્ડ ઓફ ડિરેક્ટરે ભાવ પાડવા જોઈએ.

ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા મનહર પટેલે જણાવ્યું હતુ કે સુગર ફેક્ટરીના વહીવટકર્તાઓએ આ બાબતની ગમ્ભીર નોંધ લેવી જોઇએ, કારણ કે જો સુગર ફેકટરી ખેડુતોને પુરા ભાવ નહી આપે તો ખેડુત અન્ય વિકલ્પ પસંદ કરે છે, માટે સુગર ફેકટરીઓ યોગ્ય પરિવર્તન લાવી ખેડૂતોને બે હપ્તામાં 90 ટકા પેમેન્ટનુ ચુંકવણુ કરે જેથી શેરડી પકવતાં ખેડૂતોનો સુગર ફેક્ટરી ઉપર ભરોસો વધે અને શેરડીનો પુરવઠો સતત મળતો રહે.

સમગ્ર ગુજરાતમાં ભાજપની સરકાર હોય. અને કેન્દ્રમાં પણ ભાજપની સરકાર હોય. ખાંડની એમએસસી 1 કિલોના 45 રૂપિયાની રજૂઆત કરવી જોઈએ. સમગ્ર દેશમાં ખાંડનું કુલ ઉત્પાદનમાંથી 85 ટકા ખાંડનો વપરાશ કોલ્ડ્રીંગ્સ, આઈસ્ક્રીમ, મીઠાઈ, ચોકલેટ જેવામાં થાય છે. ઘરેલુ વપરાશ 15 ટકા જેટલો જ છે. જેથી શેરડી પકવતાં ખેડૂતને પણ આજની મોંઘવારીમાં ખાંડની એમએસસી પ્રતિકિલોએ 45 રૂપિયા કરવામાં આવે તો આજના યુવાનો પણ ખેતીમાં જોડાઈ શકે એમ છે.

ખેતીખર્ચ, બિયારણ, દવા, મજૂરી, ડિઝલ સહિતના અન્ય ખર્ચને લક્ષમાં લેવામાં આવે તો ૪૫૦૦ રૂપિયાથી ઓછા ભાવથી પરડવાનું મુશ્કેલ

રિંગરોડ ટેક્સટાઈલ માર્કેટમાં કાપડના વેપારી પાસેથી માલ ખરીદી ૪.૫૫ લાખની છેતરપીંડી

સુરત, તા.૧૯

શહેરના રિંગરોડ પર રાધાક્રિષ્ના ટેક્ષટાઈલ્સ માર્કેટમાં આવેલી રાજતીલક ક્રિએશનમાંથી ગોલ્ડન પોઈન્ટમાં કનન સિંથેટીક્સના નામે ધંધો કરતા ઠગબાજ વેપારીએ ૪.૫૫ લાખના ડ્રેસ મટીરીયલ્સના કાપડનો માલ ખરીદી કર્યો હતો. આ માલના પૈસા સમયસર ચૂકવવાના બદલે પૈસા નહીં આપી ઠગબાજ દુકાન બંધ કરી ભાગી ગયો હતો. જેથી ભોગ બનનારે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઝબનાવની વિગત એવી છે કે મૂળ રાજસ્થાનના બાલોતરાના બાડમેરના વતની અને હાલ સુરત શહેરમાં અલથાણ વીઆઈપી રોડ સગુનવીલા ખાતે રહેતા જીતેન્દ્રકુમાર રનમલ મીઠાલાલ જૈન (ઉ.વ.૪૪) રિંગ રોડ રાધાક્રિષ્ના ટેક્ષટાઈલ માર્કેટમાં રાજતીલક ક્રિએશન ફર્મના નામે ધંધો કરે છે.

જીતેન્દ્રકુમાર પાસેથી ગત ૧૩ સપ્ટેમ્બર-૨૦૨૧થી ૩ નવેમ્બર ૨૦૨૧ સુધીમાં રિંગરોડ ગોલ્ડન પોઈન્ટમા સાતમાં માળે કનન સિંથેટીકના નામે ધંધો કરતા પંકજ મોહનલાલ અડખોર (રહે, સુર્યદર્શન એપાર્ટમેન્ટ સીટીલાઈટ) એ અલગ અલગ બીલ ચલણથી કુલ રૂપિયા ૪.૫૫ લાખના ડ્રેસ મટીરીયલ્સનો કાપડનો માલ ખરીદ્યો હતો નક્કી કરેલ સમય મર્યાદામાં પંકજ અરોરાએ માલનું પેમેન્ટ નહી આપતા જીતેન્દ્રકુમારે ઉઘરાણી ઉશ્કેરાયો હતો અને તારે જે થાય તે કરી લે તારુ કોઈ પેમેન્ટ ચુકવવાનું થતુ નથી કહી ગાળાગાળી કરી દુકાન બંધ કરી નાસી ગયો હતો. પોલીસે જીતેન્દ્રકુમારની ફરિયાદ લઈ વધુ તપાસ હાથ ધરી છે.

રાજતિલક ક્રિએશનના જિતેન્દ્ર જૈન પાસેથી ઉધારમા માલ લઈ પંકજ અડખોર દુકાન બંધ કરી ભાગી ગયો

ગોવાથી ટ્રેન મારફતે દારૂની હેરાફેરી કરતા ઈસમને સુરત રેલવે પોલીસે ઝડપી પાડ્યો

સુરત, તા.૧૯

લોકસભાની ચૂંટણી માટે આચારસંહિતા લાગી ગઈ છે ત્યારે ડ્રાઇ સ્ટેટમાં દારૂના નેટવર્ક પર ખાસ નજર રાખવા પોલીસને સૂચના આપવામાં આવી છે. આ સુચના રેલવે પોલીસને પણ આપવામાં આવી છે. દરમિયાન પેટ્રોલિંગમાં હતા આ દરમિયાન હેડ કોન્સ્ટેબલ મહેન્દ્ર સુરજીભાઈએ પ્લેટફોર્મ નંબર એક પર આવેલ સ્પીડ પાર્સલ વિભાગ પાસેથી પસાર થઇ રહેલા એક વ્યક્તિને શંકાના આધારે રોક્યો હતો, જેની ટ્રોલી બેગ ચેક કરતા અલગ અલગ બ્રાન્ડની 16 જેટલી દારૂની બોટલો જેની કિંમત 43 હજાર થાય છે તે મળી આવી હતી. પોલિસની પૂછપરછમાં તેણે પોતાનું નામ ગણેશ પરેસસિંગ બયાસ (રહે, આદર્શ સોસાયટી, ગોડાદરા) જણાવ્યું હતું. વધુમાં તે ગોવા ખાતેથી ટ્રેન મારફતે દારૂ લાવીને સુરત સીટીમાં વેચાણ કરતો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું. વધું તપાસ રેલવે એલસીબી પીઆઈ તરુણ પટેલ કરી રહ્યા છે.

ગોડાદરાનો ગણેશ બયાસ ગોવાથી ૧૬ દારૂની બોટલ લઈ સુરત આવ્યો અને સ્ટેશન પર જ પકડાઈ ગયો

ટાઇટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાને જણાવવાનું કે ડિસ્ટ્રીક્ટ સુરત, સબ-ડિસ્ટ્રીક્ટ તાલુકા : સુરત સીટી, શહેર સુરતનાં મોજે ગામ : મજુરાનાં રેવન્યુ સર્વે નંબર :૧૧૫, હિસ્સા નં.૪ વાળી જમીન, જેને ટી.પી. સ્કીમ નંબર :૯ (મજુરા) લાગું પડતાં ફાયનલ પ્લોટ નંબર :૭ પૈકી સબ-પ્લોટ નં. ૨, વોર્ડ : મજુરાના સીટી સર્વે નંબર :૧૧૩ થી નોંધાયેલી કુલ ૧૧૮૦૦.૦૦ ચો.મી. જમીન ઉપર રચિદામ કોમ્પલેક્ષ નું આયોજન કરવામાં આવેલું તે પૈકી ૫૨૬.૬૪ ચો.મી. જમીન ઉપર આવેલ **રત્નનાભ એપાર્ટમેન્ટ** નામની ઇમારતનાં **ત્રીજા માળે** આવેલ **ફ્લેટ નંબર : ૩/એ** વાળી મિલકત, જેનું સુપર બિલ્ટઅપ એરીયા ક્ષેત્રફળ સુમારે ૨૨૧૫.૦૦ ચો.ફુટ યાને ૨૦૫.૮૫ ચો.મી. તથા જેનું સુરત મહાનગરપાલિકાના દફતર મુજબ વપરાશનું કાર્પેટ એરીયાનું ક્ષેત્રફળ સુમારે ૧૫૩.૧૮ ચો.મી. યાને બિલ્ટઅપ એરીયાનું ક્ષેત્રફળ સુમારે ૧૮૩.૮૧૬ ચો.મી. દારવાતી ફ્લેટવાળી મિલકત તથા તળની જમીનમાં વણ-વહેંચાયેલ હિસ્સાની ૧૮.૦૦ ચો.મી. જમીન સહીતની મિલકત તથા તેને લાગતા વળગતા અંદરનાં તથા બહારનાં તમામ હકકો સહીતની દરોબસ્ત મિલકત (૧) સરોજદેવી જયનારાયણ મૈયા તથા (૨) શ્યામ જયનારાયણ મૈયાની સંયુક્ત માલિકી, કબજા હેઠળ ચાલી આવેલ છે. સદરહુ મિલકતનો અગાઉનો વેચાણ/ફાળવણી દસ્તાવેજ મહે. સબ-રજીસ્ટ્રાર સાહેબ, સુરત સીટી-૯ (અઠવા) ની કચેરીમાં એક નંબરની બુકમાં અનુક્રમ નં.૧૨૬૫૦ થી તા. ૧૧/૧૦/૨૦૦૬ ના રોજ નોંધાયેલ છે. સદરહું વેચાણ દસ્તાવેજની ઓરીજીનલ રજીસ્ટ્રેશન રસીદ ગુમ થયેલ છે / ખોવાઇ ગયેલ છે. સદરહું મિલકતના વેચાણ દસ્તાવેજની મજકુર ઓરીજીનલ રજીસ્ટ્રેશન રસીદ જો કોઇના કબજામાં હોય યા સદરહુ મિલકતમાં જો કોઇ બેંક, નાણાકીય સંસ્થા યા વ્યક્તિનો હકકોઇ પ્રકારનો હકક, હિત, સંબંધ, હિસ્સો, દરદાવો, લાગભાગ, બોજો યા ચાર્જ હોય તો તે અંગે આ નોટિસ પ્રસિધ્ધ થયાના દિન-૭ માં હમોને નીચે જણાવેલ ઠેકાણે દસ્તાવેજી પુરાવા સહિત જાણ કરવી. જો સદર મુદ્દતમાં આ પ્રકારે કોઇ વાંધા યા રજૂઆત પુરાવા સહિત ન મળશે તો મજકુર મિલકતમાં કોઇનો કોઇપણ પ્રકારનો હકક, હિત, સંબંધ, બોજો યા ચાર્જ વિગેરે નથી અને હોય તો તે ત્યજી દીધેલ છે અને મજકુર વેચાણ દસ્તાવેજની ઓરીજીનલ રજીસ્ટ્રેશન રસીદ ખરેખર ગુમ થયેલ છે એવું માનીને સદરહું મિલકતનાં ટાઇટલ બોજા યાને ચાર્જ રહિત, ચોખ્ખા અને માર્કેટેબલ છે તેમ ગણીને મુદ્દત વીત્યેથી ના વાંધા પ્રમાણપત્ર (એન.ઓ.સી.) આપી ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઇસ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં, જેની સંબંધિત સર્વેએ નોંધ લેવી.

ઓફીસઃ ૧૦૯, પહેલો માળ, ગુલાબચંદ નગર એપાર્ટમેન્ટ, ટ્રાઇસ્ટાર હોસ્પીટલની બાજુમાં, અઠવાગેટ, સુરત.
મોબાઇલ નં. : ૯૯૧૩૩ ૯૯૯૮૦, ૯૯૧૩૮ ૯૯૯૮૦
સેહુલ એસ. મોદી (એડવોકેટ)

ટાઇટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાને જણાવવાનું કે ડિસ્ટ્રીક્ટ સુરત, સબ-ડિસ્ટ્રીક્ટ તાલુકા : અડાજણ, સુરત સીટીનાં મોજે ગામ : પાલણપોરનાં રેવન્યુ સર્વે નંબર : ૪૫/૧ તથા ૪૫/૨ વાળી જમીન જેના અનુક્રમે બ્લોક નંબર : ૭૩ તથા ૭૨ જે બંનેનું કુલ ક્ષેત્રફળ ૧૮૮૧૮ ચો.મી. છે, જેનો ટી.પી. સ્કીમ નં. ૮ (પાલણપોર), ફાઈનલ પ્લોટ નં. ૪૮ વાળી તે જમીનમાં શહેરી જમીન ટોચમર્યાદા ધારા હેઠળની કલમ-૨૯(૧) અન્વયેની મંજુર થયેલ યોજના મુજબ આયોજીત **વિવેકાનંદ ટાઉનશીપ** નામથી ઓળખાતી સોસાયટીમાં આવેલ **આવાસ નંબર : ૮૭** વાળી મિલકત, જેનું ક્ષેત્રફળ સુમારે ૩૫.૦૭ ચો.મી. જમીન ઉપર ગ્રાઉન્ડ ફ્લોર, પહેલો માળ તથા બીજા માળનાં બાંધકામનુ બિલ્ટઅપ એરીયા મુજબનું ક્ષેત્રફળ સુમારે ૨૩૦.૩૬ ચો.મી. બાંધકામ સહીતની મિલકત તથા તેને લાગતાં વળગતાં અંદરના તથા બહારનાં તમામ હકક, હિસ્સા, અધિકારવાળી મિલકત નિમલબેન ક્રિષ્નાગોપાલ તિવારીની માલિકી, કબજા હેઠળ ચાલી આવેલ છે. સદરહુ મિલકતનો અગાઉનો વેચાણ દસ્તાવેજ મહે. સબ-રજીસ્ટ્રાર સાહેબ, સુરત-૪ (કતારગામ) ની કચેરીમાં એક નંબરની બુકમાં અનુક્રમ નં. ૪૬૪૯ થી તા. ૦૩/૧૧/૨૦૦૧ ના રોજ નોંધાયેલ છે. સદરહું વેચાણ દસ્તાવેજની ઓરીજીનલ રજીસ્ટ્રેશન રસીદ ગૂમ થયેલ છે / ખોવાઇ ગયેલ છે. સદરહું મિલકતના વેચાણ દસ્તાવેજની મજકુર ઓરીજીનલ રજીસ્ટ્રેશન રસીદ જો કોઇના કબજામાં હોય યા સદરહુ મિલકતમાં જો કોઇ બેંક, નાણાકીય સંસ્થા યા વ્યક્તિનો હકકોઇ પ્રકારનો હકક, હિત, સંબંધ, હિસ્સો, દરદાવો, લાગભાગ, બોજો યા ચાર્જ હોય તો તે અંગે આ નોટિસ પ્રસિધ્ધ થયાના દિન-૭ માં હમોને નીચે જણાવેલ ઠેકાણે દસ્તાવેજી પુરાવા સહિત જાણ કરવી. જો સદર મુદ્દતમાં આ પ્રકારે કોઇ વાંધા યા રજૂઆત પુરાવા સહિત ન મળશે તો મજકુર મિલકતમાં કોઇનો કોઇપણ પ્રકારનો હકક, હિત, સંબંધ, બોજો યા ચાર્જ વિગેરે નથી અને હોય તો તે ત્યજી દીધેલ છે અને મજકુર વેચાણ દસ્તાવેજની ઓરીજીનલ રજીસ્ટ્રેશન રસીદ ખરેખર ગુમ થયેલ છે / ખોવાઇ ગયેલ છે એવું માનીને સદરહું મિલકતનાં ટાઇટલ બોજા યાને ચાર્જ રહિત, ચોખ્ખા અને માર્કેટેબલ છે તેમ ગણીને મુદ્દત વીત્યેથી ના વાંધા પ્રમાણપત્ર (એન.ઓ.સી.) આપી ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઇસ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં, જેની સંબંધિત સર્વેએ નોંધ લેવી.

ઓફીસઃ ૧૦૯, પહેલો માળ, ગુલાબચંદ નગર એપાર્ટમેન્ટ, ટ્રાઇસ્ટાર હોસ્પીટલની બાજુમાં, અઠવાગેટ, સુરત.
મોબાઇલ નં. : ૯૯૧૩૩ ૯૯૯૮૦, ૯૯૧૩૮ ૯૯૯૮૦
સેહુલ એસ. મોદી (એડવોકેટ)

પરીશિષ્ટ ૪[રૂલ ૮(૧)] કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)
[પરીશિષ્ટ ૪ની સાયેસિક્યુરીટી ઇન્ટરેસ્ટ (ઇન્ફોર્સમેન્ટ)રૂલ્સના રૂલ ૮(૧)ને વંચાણે લેતા]

એડેલવેઇઝએસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ
રીટેલ સેન્ટ્રલ એન્ડ રજિસ્ટર્ડ ઓફિસ : એડેલ વેઇસ હાઉસ,સીએસટી રોડના નાકે,કાલિના,મુંબઈ - ૪૦૦૦૯૮

આથી અહીં જણાવેલા મૂળ ધિરાણકારોએ તેમની આર્થિક જવાબદારીઓ **એડેલ વેઇઝ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ**ને સોંપી હતી. જે ઇએમારસી ના નીચે જણાવેલા જુદા જુદા ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કામ કરે છે. (હવે પછી એનો **'ઇએઆરસી'** તરીકે ઉલ્લેખ કરવામાં આવશે). તેમણે સરફાયેસી એકટ ,૨૦૦૨ ના ખંડ ૫ મુજબ કરવામાં આવેલા એસાઇમેન્ટ એગ્રીમેન્ટ અનુસાર **ઇએઆરસીએ** આર્થિક જવાબદારી સંભાળી લેતા એસાઇનરે તમામ અધિકારો,ટાઇટલ,વ્યાજ, ગીરો મુકવામાં આવેલી મિલકત, જામીનગીરીઓ તથા બાયંદરીઓ **ઇએઆરસી**ને તબદીલ કરી હતી અને **ઇએઆરસી**એ દેવાદાર તરફથી સલામત ધિરાણ આપનાર તરીકેના અધિકારોનો ઉપયોગ કર્યો હતો.

આથી નીચે સહી કરનાર **ઇએઆરસીના અધિકૃત અધિકારીએ** સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ,ઇન્ટરેસ્ટ (એકટ),૨૦૦૨ ના ખંડ ૧૩ (૧૨) અને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ અંતર્ગત આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરી નીચે જણાવેલા દેવાદાર ને ડીમાન્ડ નોટીસ પાઠવી તેમાં જણાવેલી બાકી લેણી રકમનું ચુકવણું કથિતનોટીસની તારીખથી ૬૦ દિવસમાં કરી દેવા જણાવવામાં આવ્યું હતું.

આથી દેવાદારો લેણી રકમનું ચુકવણું કરવામાં નિષ્ફળ ગયા હોઇ તેમને ખાસ તથા જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનાર **એડેલ વેઇઝ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ**ના અધિકૃત અધિકારીએ કથિત એકટની પેટા ખંડ (૪) ખંડ ૧૩ ની સાથે સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨,ના રૂલ ૮ મુજબ નીચે જણાવેલી તારીખે સ્થાવર મિલકતનો **વાસ્તવિક કબજો** લીધો છે.

આથી દેવાદારોનું ધ્યાન દોરવામાં આવે છે કે તેમની પાસે ગીરો મિલકતને છોડાવવા એકટના ખંડ ૧૩ના પેટા ખંડ(૮) હેઠળની જોગવાઇ મુજબનો સમય છે. દેવાદાર(રો)ને ખાસ તથા જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે આ મિલકત ઉપર એડેલ વેઇઝ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડનો તાબો હોઇ એનો કોઇ પણ પ્રકારે સોદો થઇ શકશે નહીં કેમકે આ મિલકત સામેએડેલ વેઇઝ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડનું નીચે જણાવેલ રકમનું અને ત્યાર બાદના વ્યાજનું લેણું નીકળે છે.

એસાઇનરનું નામ	ટ્રસ્ટનું નામ	લોન ખાતા નં.	દેવાદાર અને સહદેવાદાર(રો)ના નામ	ડીમાન્ડ નોટીસની તારીખ અને રકમ	કબજાની તારીખ	કબજાનો પ્રકાર
HDB Financial Services Limited	EARC TRUST SC - 410	284279	૧) શ્રી કૌશિક મૂળચંદભાઇ ખત્રી (દેવાદાર) ૨) શ્રીમતી વર્ષા કૌશિક ખત્રી (સહ દેવાદાર)	Rs. 67,27,561.88/- (રૂપિયા સડસઠ લાખ સત્તાવીસ હજાર પાંચસો છહ્યુ અને અઠ્ઠયાંસી પૈસા પુરા) 12-07-2021 & 15-07-2021	14.03.2024	(વાસ્તવિક કબજો)

સ્થાવર મિલકતનું વર્ણન : મિલકત નં.૧ : તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી મિલકત ફ્લેટ નં.એ/૩૦૨,ક્ષેત્રફળ ૧૦૬૫.૦૦ ચો.ફૂટ અથવા ૯૮.૯૪ ચો.મી. ત્રીજા માળે સન બ્રાઇટ એપાર્ટમેન્ટ બિનખેતી જમીન સર્વે નં.૩૧૬ પૈકી ક્ષેત્રફળ ૧૩૭૯.૨૫ ચો.મી. વાપી,તા.પારડી,જિ. વલસાડ,ગુજરાત

તારીખ : ૨૦-૦૩-૨૦૨૪ — **અધિકૃત અધિકારી**
સ્થળ : મુંબઈ — **એડેલવીસ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ**

Edelweiss Asset Reconstruction

ઈ-ઓકશન સેલ નોટીસ
એડેલવેઈઝએસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ
CIN: U67100MH2007PLC174759
રજિ.ઓફિસ :એડેલ વેઇસ હાઉસ,પહેલા માળે,સીએસટી રોડના નાકે,કાલિના,મુંબઈ - ૪૦૦૦૯૮

સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ ૨૦૦૨(રૂલ્સ)ના રૂલ ૮(૬) અને ૯(૧)ને વંચાણે લીધા બાદ ગીરો મુકવામાં આવેલી સ્થાવર મિલકતોના ઈ - ઓકશન સેલ માટેની નોટીસ

નીચે જણાવેલી **જુદી જુદી વેચાણ કંપનીઓ** (હવે પછી એનો ઉલ્લેખ એસાઇનર તરીકે થશે) એ ફાઇનાન્સિયલ એસેટસની જવાબદારી એડેલ વેઇસ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડને સોંપી હોવાથી અને તેઓ **જુદા જુદા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ** તરીકે કાર્યરત છેતેમને સરફાયેસી એકટ,૨૦૦૨ના ખંડ ૧૩(૪) ની જોગવાઇ હેઠળના એસાઇમેન્ટ એગ્રીમેન્ટથી સોંપી હતી. જેને ધ્યાને લેતા ઈએઆરસી સલામત ધિરાણકાર તરીકે નીચે જણાવેલા દેવાદારોએ મેળવેલી આર્થિક લોનની સામે ગીરો મુકેલ મિલકતો અને બાકી લેણી રકમ વસુલ કરવાના અધિકારો પણ મેળવેલ છે.

આથી નીચે જણાવેલા દેવાદારોને અને જામીનદારોને ખાસ તથા જાહેર જનતાને **૧૫/૩૦દિવસની** નોટીસ આપવામાં આવે છે કે સલામત ધિરાણકર્તાએ તેમના અધિકૃત અધિકારી મારફતે નીચે જણાવેલી સુરક્ષિત મિલકતોનો કબજો લીધો છે જેનું વેચાણ અધિકૃત અધિકારી (એઓ) દ્વારા **'જેમ છે જ્યાં છે' અને 'જે છે' અને 'જે છે તે છે' અને 'ગમે ત્યાં હોય'** ના ધોરણે નીચે જણાવેલા દેવાદારો અને સહદેવાદારોના બાકી લેણાની વસુલાત માટે કરવામાં આવનાર છે. અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડીપોઝીટની જાણકારી નીચે મુજબ છે.

ઈ - ઓકશન માટે મુકાયેલ સલામત મિલકતનીવિગતો :

લોન ખાતા નંબર/ વેચાણ કરનાર સંસ્થા	દેવાદાર/સહ દેવાદારના નામ	ટ્રસ્ટનું નામ	બેંક અને શાખાનું નામ,ખાતા નં. અને આઈએફએસસી કોડ	તા.૧૮.૦૩.૨૦૨૪ના રોજ કુલ બાકી રકમ (રૂ.)	અનામત કિંમત (રૂ.)	ઈએમડી (રૂ.)	ઈ-ઓકશનની તારીખ અને સમય	કબજાનો પ્રકાર
LSUR0HL000000 5639/ EDELWEISS HOUSING FINANCE LIMITED (EHFL)	ધૃતિ પંચ (દેવાદાર) , રાજેશ જી.પંચ (સહદેવાદાર)	EARC-TRUST-SC-401	આઇસીઆઇસીઆઇ બેંક લિ., નરીમાન પોઇન્ટ, 000405123774; ICIC0000004	Rs. 89,48,490.30/- (રૂપિયા નેવ્યાંસી લાખ ઉડતાલીસ હજાર ચારસો નેવુ અને ત્રીસ પૈસા પુરા)	Rs. 22,00,000/- (રૂપિયા બાવીસ લાખ પુરા)	Rs. 2,20,000/- (રૂપિયા બે લાખ વીસ હજાર પુરા)	04-04-2024 અને બપોરે૧૨.૦૦ કલાકે	વાસ્તવિક કબજો

સ્થાવરમિલકતનું વર્ણન : મિલકત-૧ : તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી મિલકત ફ્લેટ નં. એ ૨૦૧,બીજા માળે,ક્ષેત્રફળ ૫૨૪.૬૫ ચો.ફૂટ ની સાથે **'કેશવ કૃતિ'**ની અવિભાજિત જમીનનો ભાગ,મ્યુનિસિપલ ટેનામેન્ટ નં.:૦૧બી-૨૧-૧૫૦૧-૦-૦૦૧,સીટી સર્વે વોર્ડ નં.૧,નોંધ નં.૧૫૦૨,ક્ષેત્રફળ ૩૨.૦૩ ચો.વાર અને નોંધ નં.૧૫૦૩ ક્ષેત્રફળ ૨૫૩.૦૦ ચો.વાર મોજે ગામ :નાનપુરા ટીમલીયાવાડ,જિ.સુરત, **ચતુઃસીમા :** પૂર્વે :રોડ,પશ્ચિમે :રોડ,ઉત્તરે :નોંધ નં.૧૫૦૪ની મિલકત,દક્ષિણે :રોડ

મિલકત-૨ : તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી મિલકત ફ્લેટ નં.૨/ડી,બીજા માળે,ક્ષેત્રફળ ૮૭૫.૦૦ ચો.ફૂટ ની સાથે **'કેશવ કૃતિ'**ની અવિભાજિત જમીનનો ભાગ,મ્યુનિસિપલ ટેનામેન્ટ નં.:૦૧બી-૨૧-૧૫૦૧-૦-૦૦૧,સીટી સર્વે વોર્ડ નં.૧,નોંધ નં.૧૫૦૨,ક્ષેત્રફળ ૩૨.૦૩ ચો.વાર અને નોંધ નં.૧૫૦૩ ક્ષેત્રફળ ૨૫૩.૦૦ ચો.વાર મોજે ગામ :નાનપુરા ટીમલીયાવાડ,જિ.સુરત, **ચતુઃસીમા :** પૂર્વે :રોડ, પશ્ચિમે : રોડ, ઉત્તરે : નોંધ નં.૧૫૦૪ની મિલકત

ઓકશન પ્રક્રિયા વિશેની મહત્વની જાણકારી

1.	બધા ડીમાન્ડ ડ્રાફ્ટસ(ડીડી) ઉપર જણાવેલ ટ્રસ્ટના નામે મુંબઈ ખાતે ચુકવવાપાત્ર હોવા જોઈએ	
2.	ઈએમડી જમા કરાવવાની છેલ્લી તારીખ	ઓકશનના એક દિવસ અગાઉ સુધી મળી જવી જોઈએ
3.	બીડ રજુ કરવાનું સ્થળ	એડેલ વેઈસ હાઉસ,પહેલા માળે,સીએસટી રોડના નાકે,કાલિના,મુંબઈ - ૪૦૦૦૯૮
4.	ઓકશનનું સ્થળ (ઓકશન માટેની વેબસાઈટ)	ઈ- ઓકશન (https://auction.edelweissarc.in)
5.	સંપર્ક વ્યક્તિ અને ફોન નં.	૧૮૦૦૨૬૬૬૫૪૦
6.	મિકતનું નિરીક્ષણ કરવા માટેની તારીખ અને સમય	અગાઉથી મુલાકાતનો સમય નક્કી કર્યા મુજબ

વેચાણની શરતો અને નિયમો વિશે વધુ જાણકારી માટે ઈએઆરસીની વેબસાઈટ જુઓ : **https://auction.edelweissarc.in**

તારીખ : ૨૦.૦૩.૨૦૨૪અધિકૃત અધિકારી
સ્થળ : મુંબઈ — **વતિ એડેલવેઈસએસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ**

Edelweiss Asset Reconstruction

WEST END HOUSING FINANCE LIMITED
Regd. / Corp. Off. XII/A, 13th Floor, Bakhtawar, 229, Backbay Reclamation Scheme Block III, 225, Nariman Point, Mumbai- 400021. (M) 9820323806, 98984 57817

કબજા નોટિસ

આથી અમો નીચે સહી કરનારા,વેસ્ટ એન્ડ હાઉસિંગ ફાઈનાન્સ લીમીટેડના ધી સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અન્વયે નીમાયેલ સત્તાધીશ અધિકારી છીએ અને સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના કલમ ૧૩(૨) ના નિયમ ૩ હેઠળ અમોને મળેલ સત્તા અન્વયે નોટિસ આપી, નોટિસ મળવાની તારીખથી ૬૦ દિવસમાં નોટિસમાં દર્શાવેલ રકમ ઉપરાંત ન લાગુ કરેલ વ્યાજ, અવાસ્તવિક વ્યાજ, ભવિષ્યના વ્યાજ અને આકસ્મિક ખર્ચાઓ, કિંમતો સહિતભરપાઈ કરી આપવા જણાવેલ.

કરજદારો/જામીનદારો જે તે રકમ ભરપાઈ કરવા નિષ્ફળ ગયેલ છે. તેથી આ તમામ કરજદારો/ જામીનદારો ને તથા આમ જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે, કે અધિકૃત અધિકારીએ નીચે ટેબલમાં દર્શાવેલ મિલ્કત ઉપરોકત કાયદાની કલમ ૧૩(૪) તથા સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એકટ-૨૦૦૨ના નિયમ ૮ હેઠળ મળેલ સત્તા, અન્વયે દર્શાવેલ તારીખે પોતાના પ્રત્યક્ષ કબજામાં લીધેલ છે.

આથી કરજદારો અને જામીનદારો તથા જાહેર જનતાને જાહેર ચેતવણી આપવામાં આવે છે કે, નીચે દર્શાવેલ મિલ્કત માટે કોઈ વ્યવહાર કરવો નહીં. આમ છતાં તે અંગે કોઈ પણ વ્યવહાર કરવામાં આવશે તો તે વેસ્ટ એન્ડ હાઉસિંગ ફાઈનાન્સ લીમીટેડ ની બાકી લેણી રકમ જે નોટીસમાં દર્શાવેલ છે, તે તથા તેના પર થતાં વ્યાજ તથા અન્ય ખર્ચા સહીતની રકમ ભરપાઈ કરવા માટે જવાબદાર રહેશે.

અહીં કરજદારોનું ધ્યાન અનુરૂષ્ટ કરવામાં આવે છે કે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ૧૩ના સબ સેકશન ૮ હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

ક્રમ નં.	કરજદાર/જામીનદારના નામ	મિલકતનું વર્ણન	ડિમાન્ડ નોટીસ ની તારીખ અને રકમ	મિલ્કતનો કબજો લીધાની તારીખ
૧.	કૈલાશ તેલી, અનિતા તેલી અને મોહનલાલ કાલુરામ તેલી	તમામ ભાગ અને હિસ્સો